H2CL2601 :: ત્રીજી શ્રેણી ક્લાર્ક (Clerk-III)

સમય : 3:00 PM to 5:00 PM

તારીખ : 11/10/2026

પ્રશ્ન પુસ્તિકા નંબર : 20024583

કુલ પ્રશ્નો : 100

કુલ ગુણ : 100

પ્રશ્ન પુસ્તિકા કોડ : C

ઉમેદવારની સહી:______________ ખંડ નિરીક્ષકની સહી:______________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી**

:: ઉમેદવારો માટેની સૂચના ::

(1) લેખિત પરીક્ષા કુલ 100 માર્કસની રહેશે તથા પરીક્ષાનો સમયગાળો બે (02) કલાકનો રહેશે.

(2) આ પ્રશ્નપત્રમાં કુલ છાપેલા 12 પાના છે. OMR પધ્ધતિથી ઉત્તરપત્રોમાં જવાબો લખતા પહેલા તે અંગેની સૂચનાઓ અચૂકપણે વાંચવી, પછી જ જવાબો લખવા.

(3) ઉમેદવારને મળેલ ઉત્તરપત્રક (OMR SHEET)માં છપાયેલ ઉત્તરપત્રક નંબર તથા મળેલ પ્રશ્નપત્રનો પ્રશ્નપુસ્તિકા નંબર, બંને ઉમેદવારના બેઠક નંબર જ છે તેની ખાત્રી કર્યા બાદ જ ઉત્તરપત્ર (OMR SHEET)માં જવાબ આપવાનું ચાલું કરવું. જો ઉપરોક્ત બંને નંબર અલગ-અલગ હોય તો તરત જ ખંડનિરીક્ષકનું આ બાબતે ધ્યાન દોરવું.

(4) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે આ સાથે અલગથી આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના રહેશે.

ઉદાહરણ તરીકે:

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે ?

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ (C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

જવાબવહી (OMR SHEET) માં

ⓐ ⓑ ● ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "C" છે. આથી Cનું વર્તુળ ઘાટું કરેલું છે. ઉમેદવારોએ જવાબમાં "ગુજરાત" લખવું નહીં.

(5) નેગેટીવ માર્કિંગ: ખોટા જવાબ માટે નેગેટીવ માર્કસ ૧/૩ (૦.૩૩) ની કપાત કરવામાં આવશે. પરંતુ, જો કોઈ ઉમેદવાર દ્વારા કોઈ સવાલ માટે જવાબ આપવા માંગતા ન હોય તો તેવા સંજોગોમાં તેઓએ કોઈ પણ વિકલ્પની પસંદગી કરવાની રહેતી નથી. એક પણ વિકલ્પની પસંદગી ન કર્યેથી માર્કસની કપાત કરવામાં આવશે નહી.

(6) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(7) પ્રશ્નપત્ર અને OMR Sheet ઉમેદવારને મળે એટલે તરત જ બંનેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(8) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(9) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક નંબર લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ નિશાની કે ઓળખ માલુમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(10) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો તે ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(11) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(12) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહી (White Ink)નો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી(White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(13) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર અને પ્રવેશપત્રનો નીચેનો અડધો ભાગ સાથે લઈ જઈ શકશે.

(14) નિરીક્ષકશ્રી તરફથી ઉમેદવારને જે સુચના આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(15) ઉમેદવાર નકલ કરતાં, ગેરરીતી/ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી પગલાં સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં ચૂક થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

Downloaded from websankul.com

1. કોઈ સરકારી કર્મચારી ફરજમોકૂફી (Suspension) હેઠળ હોય ત્યારે તેને સામાન્ય રીતે મળતી રકમને કઈ રીતે ઓળખવામાં આવે છે?

(A) Subsistence Allowance (ગુજરાન ભથ્થુ)
(B) Leave Salary (રજાનો પગાર)
(C) Honorarium (માનદ)
(D) Permanent Travelling Allowance (કાયમી મુસાફરી ભથ્થું)

2. એક ઘડિયાળ સવારના 8:00 વાગ્યા નો સમય બતાવે છે, તો બપોરે 2:00 વાગ્યા સુધીમાં તેના કલાક કાંટાએ કેટલા અંશનું પરિભ્રમણ કર્યું હશે?

(A) 120
(B) 180
(C) 90
(D) 270

3. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, કાર્યનોંધનો મુસદ્દો તૈયાર કરતી વખતે મુખ્યત્વે કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે?

(A) સમિતિમાં થયેલી ચર્ચા, સંપૂર્ણ કાર્યવાહી અને ચર્ચા બાદ લેવાયેલા નિર્ણયો.
(B) સમિતિમાં રજૂ થયેલા મુદ્દાઓ, સભ્યોની હાજરી અને આગામી બેઠકની તારીખ.
(C) સમિતિમાં થયેલી ચર્ચા, સૂચનોનો ક્રમ અને સભ્યોની વ્યક્તિગત અભિપ્રાયોની વિગતો.
(D) સમિતિમાં રજૂ થયેલા ઠરાવો, પત્રવ્યવહાર અને આગામી બેઠકની કાર્યસૂચીની વિગતો.

4. કરણ રૂ. 2,240 માં 12% GST સાથે એરકુલરની ખરીદી કરે છે. તો ટેક્સ લાગ્યા પહેલાંની કિંમત કેટલી થશે?

(A) રૂ. 2,040
(B) રૂ. 2,000
(C) રૂ. 2,100
(D) રૂ. 2,228

5. જો VERBAL શબ્દને દરેક બે અક્ષરના જૂથને પરસ્પર સ્થાન બદલીને કોડ કરવામાં આવે, તો VERBALનો કોડ શું થશે?

(A) EVRBLA
(B) EVBARL
(C) EABREY
(D) EVBRLA

6. સરકારી પત્રના સામાન્ય મથાળામાં ટેલિફોન નંબર અને તાર માટેનું ટૂંકું સરનામું ક્યાં દર્શાવવામાં આવે છે?

(A) મથાળે જમણી બાજુએ
(B) વિષયની નીચે
(C) પત્રના અંતે
(D) સંદર્ભની નીચે

7. એક વ્યક્તિ સૂર્યોદયની દિશામાં 10 કિમી ચાલીને ડાબી બાજુ વળીને 5 કિમી ચાલે છે, ત્યારબાદ પૂર્વ દિશામાં 6 કિમી ચાલે છે પછી દક્ષિણ દિશામાં 5 કિમી ચાલીને સુર્યાસ્તની દિશામાં 3 કિમી ચાલે છે. તો તે વ્યક્તિ પોતાના મૂળ સ્થાનેથી કેટલો દૂર હશે?

(A) 29 કિમી
(B) 13 કિમી
(C) 15 કિમી
(D) 19 કિમી

8. A એ C ના પિતા છે અને D એ B નો પુત્ર છે. E એ A નો ભાઈ છે. જો C એ D ની બહેન હોય, તો B નો E સાથે શું સંબંધ છે?

(A) પુત્રી
(B) સાળો
(C) પતિ
(D) ભાભી

9. જો ફૂટબોલને ક્રિકેટ, ક્રિકેટને બાસ્કેટબોલ, બાસ્કેટબોલને બેડમિન્ટન, બેડમિન્ટનને વોલીબોલ, વોલીબોલને હોકી અને હોકીને ગોલ્ફ કહેવામાં આવે, તો નીચેનામાંથી કઈ રમત દડાનો ઉપયોગ કરીને રમાતી નથી?

(A) વોલીબોલ
(B) બાસ્કેટબોલ
(C) હોકી
(D) ક્રિકેટ

10. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949ની કલમ 457 નીચેનામાંથી કઈ બાબતોને આવરી લે છે?

(A) રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવાના પેટા-નિયમો
(B) નિયમોને
(C) એવી બાબતો જેના સંદર્ભમાં નિયમો બનાવી શકાય
(D) મંજૂર થયેલા પેટા-નિયમોનું પ્રકાશન

Downloaded from websankul.com

11. એક મહિલા કહે છે, "જો તમે મારી ઉંમરના અંકોની અદલાબદલી કરો, તો તે સંખ્યા મારા પતિની ઉંમર દર્શાવે છે. સ્વાભાવિક રીતે, તેઓ મારા કરતાં મોટા છે અને અમારી ઉંમર વચ્ચેનો તફાવત અમારી કુલ ઉંમરના સરવાળાના અગિયારમાં ભાગ જેટલો છે." તો તે મહિલાની ઉંમર કેટલી છે?

(A) 23 વર્ષ
(B) 34 વર્ષ
(C) 45 વર્ષ
(D) 55 વર્ષ

12. નીચેની શ્રેણીમાં ખૂટતી સંખ્યા શોધો:
5, 11, 23, 47, 95, 191, ?

(A) 381
(B) 382
(C) 383
(D) 385

13. કર્મચારી રજા પરથી ફરજ પર પરત આવે ત્યારે અગાઉના પગાર ધોરણમાં ફેરફાર થઈ ગયો હોય તો પગાર નિર્ધારણ અંગે કયું વિધાન યોગ્ય છે?

(A) કર્મચારીને હંમેશાં રજા પહેલાંનો જ પગાર ચાલુ રાખવો પડે.
(B) લાગુ પડતી નિયમસરની જોગવાઈઓને આધારે સુધારેલા પગાર ધોરણમાં પગાર નક્કી થઈ શકે છે.
(C) રજા દરમિયાન પગાર ધોરણમાં થયેલા તમામ ફેરફારો આપમેળે રદ થઈ જાય છે.
(D) રજા પરથી પરત આવ્યા પછી કર્મચારીને નવી નિમણુંક માનવામાં આવે છે.

14. કોઈ કેસની વર્તમાન સ્થિતિ અને અગાઉ થયેલી કાર્યવાહી સમજવા માટે ફાઇલનો કયો ભાગ સૌથી વધુ પ્રાસંગિક છે?

(A) ફાઇલનું કવર અને અનુક્રમણિકા
(B) માત્ર તાજેતરમાં પ્રાપ્ત થયેલો પત્ર
(C) ફાઇલ સાથે જોડાયેલ રેકર્ડ રૂમનો ઇન્ડેક્ષ
(D) નોંધ અને સંબંધિત પૂર્વ પત્રવ્યવહાર

15. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, મુખ્ય મુદ્દાની હાજરીમાં બીજો મુદ્દો આનુષંગિક મુદ્દો ક્યારે બને છે?

(A) જ્યારે બીજો મુદ્દો મુખ્ય મુદ્દાના નિર્ણય પર આધારિત હોય.
(B) જ્યારે બીજો મુદ્દો મુખ્ય મુદ્દાના નિર્ણયથી સ્વતંત્ર હોય.
(C) જ્યારે બીજો મુદ્દો મુખ્ય મુદ્દાના નિર્ણયનો વિકલ્પ હોય.
(D) જ્યારે બીજો મુદ્દો મુખ્ય મુદ્દાના નિર્ણયને બદલી શકતો હોય.

16. ત્રણ સૈન્ય ટુકડીઓમાં અનુક્રમે 84, 126 અને 168 સૈનિકો છે. તેમને એવા નાના જૂથોમાં વહેંચવાના છે કે જેથી દરેક જૂથમાં માત્ર એક જ ટુકડીના સૈનિકો હોય અને તમામ જૂથોમાં સૈનિકોની સંખ્યા સમાન હોય. તો બનતા જૂથોની ઓછામાં ઓછી કુલ સંખ્યા કેટલી થશે?

(A) 42
(B) 9
(C) 12
(D) 14

17. જો CD = 12 અને DE = 20, તો એ જ નિયમ પ્રમાણે EF = ?

(A) 28
(B) 30
(C) 32
(D) 36

18. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, કચેરીની નોંધ લખવાનો મુખ્ય હેતુ કયો છે?

(A) અધિકારી સમક્ષ બાબતના તમામ પાસાઓ રજૂ કરીને નિર્ણય લેવામાં સહાય કરવી.
(B) અધિકારી સમક્ષ બાબતના વિસ્તૃત વર્ણન દ્વારા અગાઉના નિર્ણયને પુનઃ રજૂ કરવો.
(C) અધિકારી સમક્ષ વિવિધ વિગતો રજૂ કરીને કચેરીના અભિપ્રાયને અંતિમ સ્વરૂપ આપવું.
(D) અધિકારી સમક્ષ અગાઉના પત્રવ્યવહારનું સંપૂર્ણ પુનરાવર્તન કરીને કાર્યવાહી સૂચવવી.

19. ઈ-સરકારી કર્મચારીની સેવા-શરતો અંગે વિશિષ્ટ અને કાયદેસર અમલપાત્ર કરાર (specific contract enforceable at law) કરવામાં આવ્યો છે અને તે કરાર તથા GCSR વચ્ચે કોઈ મુદ્દે અસંગતતા છે, તો કઈ જોગવાઈ પ્રબળ રહેશે?

(A) GCSR હંમેશા કરાર કરતાં પ્રબળ રહેશે.
(B) Finance Department ની મંજૂરીથી જ કરાર પ્રબળ બની શકે.
(C) ચોક્કસ કરારમાં રહેલી સેવા-શરતો GCSRની જોગવાઈઓ કરતાં પ્રબળ રહેશે.
(D) બંને જોગવાઈઓનું સંયુક્ત અર્થઘટન કરીને નવી સેવા-શરત નક્કી કરવી પડશે.



Downloaded from websankul.com

20. 10 સે.મી.ના એક ચોરસ કાગળના ચારેય ખૂણા પરથી 2 સે.મી.ના ચોરસ કાપી નાખવામાં આવે છે. બાકીના કાગળને વાળીને તેમાંથી એક લંબઘન બનાવવામાં આવે છે. તો આ રીતે બનેલા લંબઘનનું ઘનફળ કેટલું હશે?

(A) 64 ઘન સે.મી.
(B) 96 ઘન સે.મી.
(C) 72 ઘન સે.મી.
(D) 76 ઘન સે.મી.

21. GPMC Act, 1949 ની કલમ 4(1) મુજબ, જો Corporation દ્વારા Transport Undertaking સ્થાપવામાં આવે અથવા હસ્તગત કરવામાં આવે, તો નીચેમાંથી કયા સત્તાધિકારીઓ Municipal Authorities માં ઉમેરાય છે?

(A) Transport Committee અને Transport Manager
(B) Transport Commissioner અને Transport Committee
(C) Transport Manager અને Deputy Commissioner
(D) Transport Committee અને Chief Auditor

22. GPMC અધિનિયમ, 1949 ની કલમ 74 હેઠળ કરારોના અમલીકરણની પદ્ધતિ શેના દ્વારા નક્કી કરવામાં આવે છે?

(A) નિર્ધારિત નિયમો
(B) સ્થાયી સમિતિનો ઠરાવ
(C) કમિશનરનો આદેશ
(D) રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું

23. નીચેના પૈકી કયા માસિક પગારવાળા કર્મચારીને મુસાફરી ભથ્થાના વર્ગીકરણમાં સર્વોચ્ચ પગાર-વર્ગમાં મૂકવામાં આવે છે?

(A) રૂ. 16,400 કરતાં વધુ
(B) રૂ. 16,400 અથવા તેથી વધુ
(C) રૂ. 16,500 અથવા તેથી વધુ
(D) રૂ. 20,000 અથવા તેથી વધુ

24. સમાન ગુણધર્મના અભાવને કારણે જે જોડી આપેલા જૂથમાં બંધબેસતી નથી, તે શોધો.

(A) 16-18
(B) 56-63
(C) 96-108
(D) 86-99

25. પાંચ ઘંટ અનુક્રમે 6, 5, 7, 10 અને 12 સેકન્ડના અંતરે વાગે છે. શરૂઆતના સમયને બાદ કરતાં, એક કલાકમાં તેઓ કેટલી વાર એકસાથે વાગશે?

(A) 7 વાર
(B) 8 વાર
(C) 9 વાર
(D) 11 વાર

26. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, સરકારી લખાણમાં વ્યક્તિગત જવાબદારી જાળવીને પોતાનો મત રજૂ કરવાની યોગ્ય રીત કઈ છે?

(A) "આ કચેરીનું માનવું છે કે..." જેવા પ્રયોગથી પોતાનો મત રજૂ કરવો.
(B) "આ કચેરી દ્વારા માનવામાં આવે છે કે..." જેવા પ્રયોગથી પોતાનો મત રજૂ કરવો.
(C) "આ કચેરી તરફથી માનવામાં આવ્યું છે કે..." જેવા પ્રયોગથી પોતાનો મત રજૂ કરવો.
(D) "આ કચેરીને માનવામાં આવે છે કે..." જેવા પ્રયોગથી પોતાનો મત રજૂ કરવો.

27. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 હેઠળ નીચેનામાંથી કયા વિકલ્પને બજેટ શીર્ષકના વર્ગીકરણ તરીકે ઓળખવામાં આવે છે?

(A) પ્રાથમિક શીર્ષકો
(B) મધ્યવર્તી શીર્ષકો
(C) ગૌણ શીર્ષકો
(D) મુખ્ય શીર્ષકો

28. બે સંખ્યાઓનો સરવાળો 40 અને તેમનો ગુણાકાર 200 છે, તો તેમના વ્યસ્ત (reciprocal)નો સરવાળો કેટલો થાય?

(A) 0.1
(B) 0.2
(C) 0.3
(D) 0.4

29. 5 પેન્સિલ અને 7 પેનની કુલ કિંમત રૂ. 50 છે અને તે જ કિંમતવાળી 7 પેન્સિલ તથા 5 પેનની કુલ કિંમત રૂ. 46 છે, તો એક પેન્સિલ અને એક પેનની કિંમતનો સરવાળો કેટલો થશે?

(A) 10
(B) 15
(C) 8
(D) 12

Downloaded from websankul.com

30. કપ : ચા :: વાટકો : ?
(A) દાળ
(B) ભાત
(C) ચમચો
(D) ચૂલો

31. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 મુજબ કોર્પોરેશનની ફરજોના અમલીકરણ માટે અન્ય કાયદાઓ હેઠળની સત્તાનો ઉપયોગ મુખ્યત્વે કોણ કરે છે?
(A) મ્યુનિસિપલ કમિશનર
(B) સ્થાયી સમિતિ
(C) મેયર
(D) રાજ્યપાલ

32. પાંચ વ્યક્તિઓ A, B, C, D અને E અલગ-અલગ વિષયો: ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને ઇતિહાસ ભણાવે છે.
- A ગણિત ભણાવતો નથી.
- B ગુજરાતી ભણાવે છે.
- C વિજ્ઞાન કે ઇતિહાસ ભણાવતો નથી.
- D અંગ્રેજી ભણાવે છે.
- E ગણિત ભણાવતો નથી.

તો C કયો વિષય ભણાવે છે?
(A) ગુજરાતી
(B) અંગ્રેજી
(C) વિજ્ઞાન
(D) ગણિત

33. જો કોઈ ચોક્કસ કોડ ભાષામાં: EDUCATION → 5–4–21–3–1–20–9–15–14
તો એ જ કોડ પદ્ધતિ અનુસાર REASONING માટે નીચેના પૈકી કયો કોડ યોગ્ય હશે?
(A) 18–5–1–19–15–14–9–14–7
(B) 17–4–1–18–14–13–8–13–6
(C) 18–6–2–20–16–15–10–15–8
(D) 19–5–2–19–15–14–9–14–7

34. નીચેનામાંથી કઈ memory સૌથી ઝડપી છે ?
(A) Hard Disk
(B) RAM
(C) Cache
(D) Registers

35. નીચેના પૈકી એવો વિકલ્પ પસંદ કરો જે અન્ય ત્રણથી જુદો પડતો હોય.
(A) ખુરશી
(B) ગાદલું
(C) પલંગ
(D) ઓશીકું

36. જો BLOOD = 24113 અને BRUST = 26078, તો ROBUST માટે યોગ્ય કોડ કયો હશે?
(A) 620781
(B) 612078
(C) 678102
(D) 610732

37. નીચેના પૈકી 'Lien'નો અર્થ કયો થાય છે?
(A) કર્મચારીને કોઈપણ પદ પર કામ કરવાનો તાત્કાલિક અધિકાર
(B) કર્મચારીને રજા દરમિયાન પગાર મેળવવાનો અધિકાર
(C) કર્મચારીનો કોઈ કાયમી પદને substantively ધારણ કરવાનો અધિકાર
(D) કર્મચારીને બદલીનો આદેશ ન સ્વીકારવાનો અધિકાર

38. ગોલુ તેના ઘરેથી ઉત્તર દિશા તરફ નીકળ્યો. 8 કિમીનું અંતર કાપ્યા પછી, તે ડાબી બાજુ વળ્યો અને 6 કિમીનું અંતર કાપ્યું. હવે તેના ઘરથી તેનું સૌથી ટૂંકું અંતર કેટલું છે?
(A) 10 કિમી
(B) 16 કિમી
(C) 14 કિમી
(D) 2 કિમી

Downloaded from websankul.com

39. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 મુજબ "વાર્ષિક ભાડાકીય મૂલ્ય"માં નીચે પૈકી કઈ બાબતનો સમાવેશ થઈ શકે?
(A) ફક્ત ભાડું
(B) ફક્ત જમીનની કિંમત
(C) ફક્ત નોંધણી ફી
(D) કબજેદાર દ્વારા માલિકને ચૂકવાતી આનુસાંગિક ચુકવણીઓ

40. એક વ્યક્તિ તરફ ઈશારો કરતાં રીના કહે છે, "તે મારા પિતાના એકમાત્ર પુત્રનો પુત્ર છે." તો તે વ્યક્તિ રીનાનો શું થાય?
(A) ભાઈ
(B) ભત્રીજો
(C) પૌત્ર
(D) કાકા

41. 'DEPRESSION' શબ્દનો પહેલો અને બીજો અક્ષર અદલ બદલ કરવામાં આવે, તે જ રીતે ત્રીજો અને ચોથો અક્ષર અદલ બદલ કરવામાં આવે, અને તે જ રીતે પાંચમો અને છઠ્ઠો અક્ષર અને તેજ રીતે છેક સુધી અક્ષરો અદલ બદલ કરવામાં આવે તો જે નવો શબ્દ મળે તેમાં જમણેથી સાતમો અક્ષર કયો હશે?
(A) P
(B) I
(C) R
(D) S

42. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, અખબારી યાદી દ્વારા મુખ્યત્વે કઈ માહિતી જાહેર કરવામાં આવે છે?
(A) સરકારના નિર્ણયો અને કામગીરી અંગેની માહિતી
(B) સરકારી કચેરીઓની આંતરિક નોંધો અને સૂચનાઓ
(C) અધિકારીઓ વચ્ચેના ખાનગી અભિપ્રાયો અને ચર્ચાઓ
(D) વિભાગીય પત્રવ્યવહાર અને કચેરીની આંતરિક કાર્યવાહી

43. એક વર્ગમાં અનિલનો ક્રમ આગળથી 14મો અને પાછળથી 41મો છે. તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?
(A) 53
(B) 56
(C) 55
(D) 54

44. એક ડીપાર્ટમેન્ટલ સ્ટોરમાં કુલ 150 લોકો હતાં. તેમાંથી 75 લોકોએ ટ્રાઉઝર, 50 લોકોએ પેન્ટ અને 40 લોકોએ કશું જ ખરીદ્યું નહીં. કેટલા લોકોએ ટ્રાઉઝર અને પેન્ટ બંને ખરીદ્યા હશે?
(A) 15
(B) 25
(C) 110
(D) 35

45. એક પિતાની વર્તમાન ઉંમર તેમના પુત્રની ઉંમર કરતાં બમણી છે. 20 વર્ષ પહેલાં, તેમની ઉંમર પુત્રની ઉંમર કરતાં 12 ગણી હતી. તો પુત્રની વર્તમાન ઉંમર કેટલી હશે?
(A) 16
(B) 18
(C) 25
(D) 22

46. એક જ વિષયને લગતા અનુગામી પત્રવ્યવહાર માટે અલગ ફાઇલ ખોલવાને બદલે અગાઉની ફાઇલ સાથે જોડવાનું મુખ્ય કારણ શું છે?
(A) ફાઇલની સંખ્યા ઘટાડવી
(B) સમગ્ર કેસનો સાતત્યપૂર્ણ સંદર્ભ જાળવી શકાય
(C) જૂની નોંધોને દૂર કરી શકાય
(D) અધિકારીનો નિર્ણય ઝડપથી મેળવી શકાય

47. પાવરપોઈંટમાં Help મેળવવા કઈ ફંક્શન કીનો ઉપયોગ થાય છે ?
(A) F1
(B) F2
(C) F3
(D) F4

48. રેકર્ડ વ્યવસ્થાપનમાં નીચેમાંથી કઈ પ્રક્રિયા યોગ્ય છે?
(A) તમામ જૂના રેકર્ડનો તાત્કાલિક નાશ
(B) રેકર્ડનું વર્ગીકરણ, જાળવણી અને નિયમ અનુસાર નિકાલ
(C) તમામ રેકર્ડને એક જ સ્થળે રાખવા
(D) રેકર્ડને વ્યક્તિગત કબજામાં રાખવા



Downloaded from websankul.com

49. એક વર્ગમાં 27 છોકરાઓ અને 14 છોકરીઓ છે. એક કાર્યક્રમ માટે વર્ગનું પ્રતિનિધિત્વ કરવા શિક્ષક 1 છોકરો અને 1 છોકરી પસંદ કરવા માંગે છે. શિક્ષક કેટલી અલગ-અલગ રીતે આ પસંદગી કરી શકે?

(A) 2
(B) 13
(C) 41
(D) 378

50. B નો જમાઈ D, એ A નો બનેવી છે, અને A એ C નો ભાઈ છે. તો A નો B સાથે શું સંબંધ છે?

(A) ભાઈ
(B) પુત્ર
(C) પિતા
(D) માહિતી અપૂરતી છે

51-54 આપેલ ગદ્યાંશનો અભ્યાસ કરી નીચે આપેલ પ્રશ્નો નં 51 થી 54 ના યોગ્ય જવાબ આપો.

જ્ઞાન જ્યારે માનવીના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબદ્ધ કરતી પરંપરાઓમાં પરિવર્તિત થાય છે ત્યારે તે હાનિકારક બને છે, કેમ કે એ માનવીઓને વિભાજિત કરે છે. તેમની વચ્ચે દુશ્મનાવટ સર્જે છે અને સત્યની ઊંડી શોધને અવરોધે છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિ સ્વસ્થપણે તટસ્થ રીતે વિચારી શકે તથા સમસ્યાઓનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુદ્ધિશક્તિ વિકસાવી શકે તે છે. વિચારો નહીં પણ વિચારોની પ્રક્રિયાનું શિક્ષણમાં મહત્વનું સ્થાન છે. કેળવણીકારોએ તદ્દન આરંભથી પ્રેમની શક્તિનો એટલે નમ્રતા, સજ્જનતા, વિચારશીલતા, ધૈર્ય અને વિવેકનો વિકાસ કરવો જોઈએ.

51. કેવી પરિસ્થિતિમાં જ્ઞાન હાનિકારક બને છે?

(A) માનવીઓમાં એકલતા લાવે ત્યારે
(B) માનવીઓ વચ્ચે દુશ્મનાવટ સર્જે ત્યારે
(C) સત્યની શોધ કરે ત્યારે
(D) આપેલ તમામ

52. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

(A) વ્યક્તિ સ્વસ્થપણે તટસ્થ રીતે વિચારી શકે
(B) સમસ્યાઓનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુદ્ધિશક્તિ વિકસાવી શકે
(C) A અને B બંને સાચા છે
(D) એકપણ નહીં

53. આપેલ ગદ્યખંડ મુજબ શિક્ષણમાં શાનું સ્થાન મહત્વનું છે?

(A) શિક્ષણની પ્રક્રિયાનું
(B) શિસ્તની પ્રક્રિયાનું
(C) જ્ઞાનની પ્રક્રિયાનું
(D) વિચારોની પ્રક્રિયાનું

54. કેળવણીકારોએ આરંભથી શાનો વિકાસ કરવો જોઈએ?

(A) નમ્રતા અને સજ્જનતા
(B) વિચારશીલતા
(C) ધૈર્ય અને વિવેક
(D) આપેલ તમામ

55-58 Read the following passages carefully and answer the questions **55 to 58.**

Failure need not indicate inability. Sometimes it reveals that the strategy used was ineffective. Those who examine their failures can identify weaknesses and modify their approach. Thus, failure can become a source of learning rather than a final judgement.

55. What does failure sometimes reveal?

(A) Lack of intelligence
(B) An ineffective strategy
(C) An impossible goal
(D) Lack of effort

56. How can failure become useful?

(A) By being ignored
(B) By repeating the same strategy
(C) By examining and learning from it
(D) By abandoning the goal

57. The passage presents failure primarily as:

(A) A permanent defeat
(B) A source of learning
(C) A sign of weakness
(D) An unavoidable outcome

58. The phrase "modify their approach" means:

(A) Change their method of approach
(B) Abandon their goal
(C) Increase their effort
(D) Avoid responsibility

Downloaded from websankul.com

59. GPMC અધિનિયમ હેઠળ, આકારણીપાત્ર મૂલ્ય (rateable value) સામેની અપીલ સામાન્ય રીતે ત્યાં સુધી સ્વીકારી શકાતી નથી જ્યાં સુધી:
(A) મેયરે વિવાદ અંગે પ્રમાણપત્ર આપ્યું ન હોય
(B) કમિશનર સમક્ષ અગાઉ ફરિયાદ કરવામાં આવી હોય અને તેનો નિકાલ કરવામાં આવ્યો હોય
(C) રાજ્ય સરકારે અપીલને મંજૂરી આપી ન હોય
(D) સ્થાયી સમિતિએ આ બાબત કોર્પોરેશનના સામાન્ય બોર્ડને મોકલી ન હોય

60. GPMC અધિનિયમ હેઠળ કોર્પોરેશન વતી થાપણો અથવા રોકાણો કરવા માટે કોણ અધિકૃત છે?
(A) સ્થાયી સમિતિની મંજૂરી સાથે મેયર
(B) સ્થાયી સમિતિની મંજૂરી સાથે કમિશનર
(C) મુખ્ય ઓડિટરની મંજૂરી સાથે સ્થાયી સમિતિ
(D) મુખ્ય ઓડિટર સ્વતંત્ર રીતે

61. URL એટલે શું?
(A) Uniform Resource Locator
(B) Universal Resource Locator
(C) Unified Resource Locator
(D) Uniform Resource Language

62. A એ B ની બહેન છે. B એ C ની પુત્રી છે. E એ D નો પિતા છે. D એ A નો ભાઈ છે. તો E એ C નો શું થાય?
(A) ભાઈ
(B) પતિ
(C) સસરા
(D) પિતા

63. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 ની કલમ 92(1) હેઠળ, મ્યુનિસિપલ ફંડમાં રહેલી વધારાની રકમનો નિકાલ કઈ રીતે કરી શકાય છે?
(A) નગરસેવકો વચ્ચે વહેંચી શકાય.
(B) સત્તા વિના ખાનગી કોન્ટ્રાક્ટરોને ચૂકવી શકાય.
(C) નાણાંકીય વર્ષ પછી નષ્ટ કરી શકાય.
(D) જાહેર જામીનગીરીઓમાં રોકાણ કરી શકાય.

64. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949ના સંદર્ભમાં, નીચેનામાંથી કયું સંયોજન સાચું છે?
(A) પરિશિષ્ટ I — દંડની સારણી
(B) પરિશિષ્ટ II — સંક્રમણકાલીન જોગવાઈઓ
(C) પરિશિષ્ટ III — જમીન સંપાદન અંગેની જોગવાઈઓ
(D) પરિશિષ્ટ IV — સંક્રમણકાલીન જોગવાઈઓ

65. કોઈક રકમનું 2 વર્ષના અંતે 10% લેખે જો ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. 4200 થતું હોય તો, તે રકમ કેટલી હશે?
(A) રૂ. 21,000
(B) રૂ. 28,000
(C) રૂ. 20,000
(D) રૂ. 31,500

66. એક સરકારી કર્મચારીનો માસિક પગાર રૂ. 7,250 છે. મુસાફરી ભથ્થાના દરો માટે તેને કયા વર્ગમાં મૂકવામાં આવશે?
(A) રૂ. 4,100થી ઓછા પગારનો વર્ગ
(B) રૂ. 4,100થી રૂ. 6,500 કરતાં ઓછા પગારનો વર્ગ
(C) રૂ. 6,500થી રૂ. 8,000 કરતાં ઓછા પગારનો વર્ગ
(D) રૂ. 8,000થી રૂ. 16,400 કરતાં ઓછા પગારનો વર્ગ

67. જ્યારે 335 ને 5A7 માં ઉમેરવામાં આવે છે, ત્યારે પરિણામ 8B2 મળે છે. 8B2 એ 3 વડે વિભાજ્ય છે. તો A ની મહત્તમ (સૌથી મોટી) શક્ય કિંમત કઈ હશે?
(A) 8
(B) 6
(C) 4
(D) 7

68. કલમ 399 હેઠળ, જ્યાં ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949માં અન્યત્ર કોઈ ચોક્કસ દંડની જોગવાઈ કરવામાં આવી ન હોય, ત્યાં ગુના માટે મહત્તમ દંડ આટલા સુધી હોઈ શકે છે:
(A) રૂ. 50/-
(B) રૂ. 100/-
(C) રૂ. 150/-
(D) રૂ. 500/-

69. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 અન્વયે, મૃત વ્યક્તિની અંતિમ માંદગી દરમિયાન તેમની સારવાર કરનાર તબીબી વ્યવસાયિકે મૃત્યુની જાણ થયા બાદ કેટલા સમયગાળામાં મૃત્યુનું કારણ પ્રમાણિત કરવું જરૂરી છે?
(A) મૃત્યુની જાણ થયાના ત્રણ દિવસની અંદર
(B) મૃત્યુની જાણ થયાના સાત દિવસની અંદર
(C) મૃત્યુના બે દિવસની અંદર
(D) મૃત્યુના 24 કલાકની અંદર



Downloaded from websankul.com

70. જો કોઈ સામાન્ય વર્ષમાં 1 માર્ચ શનિવાર હોય, તો તે જ વર્ષમાં 1 નવેમ્બર કયો વાર હશે?
(A) શનિવાર
(B) રવિવાર
(C) સોમવાર
(D) શુક્રવાર

71. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, વાક્યમાં "દૂરાન્વય" ટાળવા માટે કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ?
(A) સંબંધિત શબ્દો અને તેમના સંબંધિત પદોને નજીક રાખવા જોઈએ.
(B) વિષય અને ક્રિયાપદ વચ્ચે શક્ય તેટલું અંતર રાખવું જોઈએ.
(C) વિવિધ વિચારોને એક જ લાંબા વાક્યમાં જોડવા જોઈએ.
(D) વાક્યને વધુ અસરકારક બનાવવા અલંકારિક શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ.

72. "As of right" નો સરકારી ગુજરાતી ભાષામાં યોગ્ય અર્થ કયો છે?
(A) હક અથવા દાવાના આધારે
(B) હુકમ અથવા સૂચનાના આધારે
(C) નિયમ અથવા પ્રક્રિયાના આધારે
(D) પુરાવા અથવા રેકોર્ડના આધારે

73. વેઈટરની આવક, તેના પગાર અને મળેલી બક્ષિસ (ટિપ્સ) નો સરવાળો હોય છે. એક અઠવાડિયા દરમિયાન તેને મળેલી બક્ષિસ તેના પગારના 5/4 ગણી હતી. તેની કુલ આવકમાં બક્ષિસનો હિસ્સો કેટલો છે?
(A) 4/9
(B) 5/4
(C) 5/8
(D) 5/9

74. GPMC Act, કલમ 411 હેઠળ Civil Appellate Court માં અપીલ માટેની સમયમર્યાદા કેટલી છે?
(A) 15 દિવસ
(B) 21 દિવસ
(C) એક મહિનો
(D) છ મહિના

75. સરકારી પ્રયોજનના ક્રમ મુજબ, વિદેશી સરકારો તથા તેમની તાબાની કચેરીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા તેમની કચેરીઓ સાથેનો પત્રવ્યવહાર કયા ક્રમે આવે છે?
(A) પ્રથમ ક્રમના સરકારી પ્રયોજન તરીકે આવે છે.
(B) બીજા ક્રમના સરકારી પ્રયોજન તરીકે આવે છે.
(C) ચોથા ક્રમના સરકારી પ્રયોજન તરીકે આવે છે.
(D) ત્રીજા ક્રમના સરકારી પ્રયોજન તરીકે આવે છે.

76. મુસદ્દામાં એક જ સૂચના બે અલગ વાક્યોમાં અલગ અર્થ આપી રહી છે. આ ખામી દૂર કરવા માટે સૌથી યોગ્ય સંપાદકીય સિદ્ધાંત કયો છે?
(A) વધુ કાનૂની શબ્દો ઉમેરવા
(B) અર્થની એકરૂપતા અને સ્પષ્ટતા સુનિશ્ચિત કરવી
(C) બંને વાક્યો યથાવત્ રાખવા
(D) પત્રને વધુ લાંબો બનાવવો

77. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, 2002 મુજબ રજા મંજૂર કરતી વખતે સક્ષમ સત્તાધિકારીએ નીચેના પૈકી કયા પરિબળોનો સમૂહ ધ્યાનમાં લેવો જોઈએ?
1. કર્મચારી દ્વારા અગાઉ લેવામાં આવેલી રજા
2. રજા લીધા બાદ ઉપલબ્ધ રજાનો જથ્થો
3. કર્મચારીની ગેરહાજરીથી કચેરીના કાર્ય પર થતી અસર
4. જાહેર હિત

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

78. એક કર્મચારીની Service Book (સેવાપોથી) તૈયાર કરતી વખતે તેની જન્મતારીખમાં માત્ર વર્ષ જાણીતું છે, પરંતુ તારીખ અને મહિનો અજ્ઞાત છે. નિયમ અનુસાર કઈ તારીખ જન્મતારીખ તરીકે ગણાશે?
(A) 1 જાન્યુઆરી
(B) 30 જૂન
(C) 1 જુલાઈ
(D) 31 ડિસેમ્બર

Downloaded from websankul.com

79. ગુજરાત પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ, 1949 મુજબ કોઈ શબ્દનો અર્થ નક્કી કરતી વખતે કયો સિદ્ધાંત લાગુ પડે છે?
(A) અદાલત જે અર્થ આપે તે
(B) સામાન્ય શબ્દકોશનો અર્થ
(C) વિષય અથવા સંદર્ભ વિરુદ્ધ ન હોય ત્યાં સુધી અધિનિયમની વ્યાખ્યા લાગુ પડે
(D) રાજ્ય સરકારનો અર્થ માન્ય ગણાય

80. કચેરીમાંથી જાવક પત્ર મોકલતા પહેલાં નીચેમાંથી કઈ બાબત સૌથી વધુ મહત્વપૂર્ણ છે?
(A) પત્રની ભાષા માત્ર ઔપચારિક છે કે નહીં તે જોવું.
(B) પત્રની નકલ તમામ શાખાઓને મોકલવી.
(C) પત્રને સંબંધિત ફાઇલ સાથે જોડ્યા વિના મોકલવો.
(D) સક્ષમ મંજૂરી, યોગ્ય સરનામું, સંદર્ભ અને પ્રસારની જરૂરી વિગતો ચકાસવી.

81. એક ઘડિયાળ દર કલાકે 5 મિનિટ ઝડપી (આગળ) ચાલે છે. તેને સવારે 8:00 વાગ્યે સાચા સમયે સેટ કરવામાં આવે છે. જો તે જ દિવસે આ ઘડિયાળ બપોરે 1:25 વાગ્યાનો સમય દર્શાવતું હોય, તો સાચો સમય કયો હશે?
(A) બપોરે 2.00
(B) બપોરે 12.25
(C) બપોરે 1.25
(D) બપોરે 1.00

82. મહેશ પોતાના ઘરેથી 8 કિમી પૂર્વ તરફ જાય છે. ત્યાંથી તે 6 કિમી ઉત્તર તરફ જાય છે. ત્યારબાદ તે 8 કિમી પશ્ચિમ તરફ જાય છે અને અંતે 10 કિમી દક્ષિણ તરફ જાય છે. તો મહેશ હવે પોતાના ઘરથી કેટલા અંતરે અને કઈ દિશામાં છે?
(A) 4 કિમી ઉત્તર
(B) 4 કિમી દક્ષિણ
(C) 6 કિમી દક્ષિણ
(D) 6 કિમી ઉત્તર

83. જે સૉફ્ટવેર દ્વારા 'વેબ પેજિસ' જોઈ શકાય અને વાપરી શકાય, એને _____ થી ઓળખવામાં આવે છે.
(A) ઓપરેટિંગ સિસ્ટમ
(B) વેબ બ્રાઉઝર
(C) ઇન્ટરનેટ
(D) કંપાઇલર

84. માઈક્રોસોફ્ટ વર્ડમાં કામ કરતી વખતે, કોઈ શબ્દને શોધવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) Ctrl+S
(B) Ctrl+W
(C) Ctrl+F
(D) Alt+A

85. સરકારી લેખન-પદ્ધતિ મુજબ, નીચેના પૈકી કયો શબ્દપ્રયોગ બિનજરૂરી શબ્દપ્રયોગનું ઉદાહરણ છે?
(A) અંતિમ પરિણામ
(B) જરૂરી કાર્યવાહી
(C) યોગ્ય નિર્ણય
(D) તાત્કાલિક સૂચના

86. એક કસોટીપત્રમાં 15 સવાલ છે અને મહેશ દ્વારા બધાજ સવાલના જવાબ આપેલ છે, દરેક સાચા જવાબ માટે 4 ગુણ અને દરેક ખોટા જવાબના (−2) ગુણ છે. મહેશે 5 જવાબો સાચા છે તો તેણે કેટલા ગુણ મેળવ્યા હશે?
(A) 00
(B) 10
(C) 02
(D) 04

87. એક ઓરડાની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 8 મીટર અને 6 મીટર છે. એક બિલાડી ઉંદરને પકડવા માટે ચારેય દીવાલો પર અને અંતે વિકર્ણ (diagonal) પર એકવાર દોડે છે. બિલાડી દ્વારા કુલ કેટલું અંતર કાપવામાં આવે છે?
(A) 10 મીટર
(B) 14 મીટર
(C) 38 મીટર
(D) 48 મીટર

88. સત્તાવાર ઈ-મેઇલને કચેરીના રેકર્ડ તરીકે જાળવવાની જરૂરિયાત મુખ્યત્વે કઈ બાબત સાથે સંબંધિત છે?
(A) ઈ-મેઇલનું કદ
(B) કમ્પ્યુટરની ક્ષમતા
(C) જવાબદારી, સંદર્ભ અને ભવિષ્યમાં શોધક્ષમતા
(D) ઈ-મેઇલના પ્રેષકની વ્યક્તિગત પસંદગી

89. જો 60 લિટર દૂધના દ્રાવણમાં 30% દૂધ હોય, તો દ્રાવણમાં દૂધનું પ્રમાણ 50% કરવા માટે તેમાં કેટલા લિટર શુદ્ધ દૂધ ઉમેરવું પડે?
(A) 20
(B) 24
(C) 28
(D) 32

Downloaded from websankul.com

90. જો A = 4, K = 3, N = 2 અને P = 1 હોય તો કયા અક્ષરોના સમૂહનો સરવાળો સૌથી મોટી સંખ્યા બનાવે છે?

(A) KANPK
(B) NPAKN
(C) PKANA
(D) NAKNA

91. GPMC Act, કલમ 68(2) મુજબ કમિશનર કોઈ મ્યુનિસિપલ અધિકારીને અન્ય કાયદા હેઠળ કોર્પોરેશનની સત્તા, ફરજ અથવા કાર્ય સોંપવા માટે કોની મંજૂરી લે છે?

(A) કોર્પોરેશન
(B) મેયર
(C) સ્ટેન્ડિંગ કમિટી
(D) રાજ્ય સરકાર

92. એક જ કેસ અંગે બે અલગ અધિકારીઓ દ્વારા પરસ્પર વિરુદ્ધ સૂચનાઓ આપવામાં આવે છે. કચેરીના વહીવટી માળખાની દૃષ્ટિએ પ્રથમ કઈ બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે?

(A) બંને અધિકારીઓની વરિષ્ઠતા
(B) કેસની નાણાંકીય અસર
(C) સંબંધિત અધિકારીઓની કાર્યક્ષેત્ર અને સત્તાની સીમા
(D) અગાઉના સમાન કેસોના પરિણામો

93. Retiring Pension અંગે નીચેના પૈકી કયું નિવેદન ખોટું છે?

(A) નિવૃત્તિના ચોક્કસ પ્રકારના સંજોગોમાં કર્મચારીને નિવૃત્તિ પેન્શન મળી શકે છે.
(B) નિવૃત્તિ પેન્શનનો હક સંબંધિત પેન્શનપાત્ર સેવાની શરતો સાથે જોડાયેલો છે.
(C) એકવાર કર્મચારી નિવૃત્ત થાય પછી પેન્શનપાત્ર સેવાની કોઈ તપાસ કરવાની જરૂર રહેતી નથી.
(D) નિવૃત્તિ પેન્શન માટે કર્મચારીની સેવા-અવધિ અને નિવૃત્તિનો પ્રકાર બંને મહત્વ ધરાવે છે.

94. એક વર્ગમાં 60 વિદ્યાર્થીઓ છે. 35 વિદ્યાર્થીઓ ગુજરાતી વાંચે છે, 30 વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચે છે અને 15 વિદ્યાર્થીઓ બંને ભાષા વાંચે છે. તો માત્ર ગુજરાતી વાંચતા વિદ્યાર્થીઓ કેટલા છે?

(A) 15
(B) 20
(C) 25
(D) 30

95. એક પરિવારમાં, પિતાએ કેકનો ¼ ભાગ લીધો અને તેમને પરિવારના અન્ય દરેક સભ્યને મળેલા ભાગ કરતાં ત્રણ ગણો ભાગ મળ્યો. તો પરિવારના સભ્યોની કુલ સંખ્યા કેટલી હશે?

(A) 3
(B) 9
(C) 10
(D) 11

96. 1 જાન્યુઆરી, 2025 ના રોજ બુધવાર હોય તો 31 ડીસેમ્બર, 2025 ના રોજ કયો વાર હશે?

(A) બુધવાર
(B) ગુરુવાર
(C) મંગળવાર
(D) રવિવાર

97. જો a ★ b = $a^2 - b^2 + ab$, તો 8 ★ 5 = ?

(A) 75
(B) 79
(C) 84
(D) 89

98. અગાઉ થયેલી કાર્યવાહી અને કેસની પૃષ્ઠભૂમિ જાણવા માટે ફાઇલમાં કઈ બાબત સૌથી વધુ ઉપયોગી છે?

(A) કેશબુક
(B) સ્ટોક રજિસ્ટર
(C) હાજરીપત્રક
(D) પૂર્વ નોંધ અને પત્રવ્યવહાર

99. 45 લોકો દરરોજ 6 કલાક કામ કરીને એક રસ્તો 10 દિવસમાં રીપેર કરી શકે છે. તો 30 લોકો દરરોજ 6 કલાક કામ કરીને તે જ રસ્તો કેટલા દિવસમાં રીપેર કરી શકશે?

(A) 45
(B) 15
(C) 30
(D) 35

100. કચેરીમાં પ્રાપ્ત થયેલી આવક ટપાલ અંગે સૌ પ્રથમ કઈ કાર્યવાહી કરવી યોગ્ય છે?

(A) તેની નોંધણી કરીને યોગ્ય શાખાને મોકલવી
(B) સીધી રેકર્ડ રૂમમાં મોકલવી
(C) જવાબ તૈયાર કરીને મોકલી દેવું
(D) ટપાલનો નિકાલ કરી દેવો

*******



WEBSANKUL
Downloaded from websankul.com